ક્રમાંકઃમાવિ-૩/ગુ.લલિત કલા/૨૦૧૯/૪૦૪૫૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી.
બનાસકાંઠા, પાલનપુર
તા: ૦૭/૦૮/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી,

ગ્રાન્ટેડ/નોન – ગ્રાન્ટેડ/સરકારી મા. અને ઉ.મા. શાળાઓ તમામ,

બનાસકાંઠા.

વિષયઃ ગુજરાત લલિત કલા એકેડમી દ્વારા આયોજીત થનાર સેમિનાર બાબર.

સંદર્ભઃ લકઅ/ચિત્રશિક્ષકસેમિનાર/૨૦૧૯-૨૦ તા:૨૩/૦૭/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત લલિત કલા એકેડમી, અમદાવાદ દ્વારા નજીકના ભવિષ્યમાં ૨ થી ૩ દિવસ માટે રાજ્યના ચિત્ર શિક્ષકોના ચિત્ર સેમીનારનું આયોજન થનાર છે. આ સેમિનારમાં ભાગ લેવા રસ ધરાવતા આપની શાળાના ચિત્ર શિક્ષકોના નામની ભલામણ તેમની શાળાના તથા ઘરના સરનામા તથા મોબાઇલ નંબર સાથેની વિગતો અત્રેની કચેરી ૧૭ ઓગષ્ટ ૨૦૧૯ સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

આ સેમિનારનું સ્થળ અને સમય નક્કી થયેથી આ શિક્ષકોને જણાવવામાં આવશે. આ સેમિનારમાં આવનાર ચિત્ર શિક્ષકોને ચિત્રકામ કરવા જરૂરી સાધન/સામગ્રી , ભોજન, નિવાસ, નિષ્ણાતોનું માર્ગદર્શન વગેરે અકાદમી દ્વારા પુરુ પાડવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

બીડાણ : ગુજરાત રાજ્ય લલિત કલા એકેડમી, અમદાવાદનો પત્ર

Scanned by CamScanner

Under Department of Sports, Youth & Culture Dept., Govt of Gujarat
GUJARAT STATE LALIT KALA ACADEMY
ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી
Ravishankar Raval Kala Bhavan, Nr. Lawgarden, Opp. Bhaikaka Bhavan, Ellisbridge,
Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26425562 Telefax : 079-26562558

પત્રક્માંક:- લકઅ/ચિત્રશિક્ષકસેમિનાર/૨૦૧૯-૨૦-૨૦૧

તા. ૨૩/૦૭/૨૦૧૯

ડૉ.એ.ઓ.રાવલ

સચિવ,

સ્નેહીશ્રી

એક સત્તાવાર વિનંતી સાવ અંગત ભાવે કરવા આ પત્ર આપને પાઠવું છું. આપને જણાવતાં આનંદ થાય છે કે, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,અમદાવાદ દ્વારા નજીકના ભવિષ્યમાં ૨(બે) થી ૩(ત્રણ) દિવસ માટે રાજ્યના ચિત્ર શિક્ષકોના ચિત્ર શિક્ષક સેમિનારનું આયોજન હાથ ધરવામાં આવનાર છે. આ સેમિનારમાં ભાગ લેવા આપના જિલ્લાના રસ ધરાવતા ચિત્ર શિક્ષકોના નામની ભલામણ તેમની શાળાના તથા ઘરના સરનામા તથા ફોન નંબર/મોબાઈલ નંબર સાથેની વિગતો આ કચેરીને ઉપરના સરનામે તા. ૨૫ ઓગસ્ટ ૨૦૧૯ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

આ સેમિનારનું સ્થળ અને સમય નક્કી થયેથી આ શિક્ષકોને જણાવવામાં આવશે. આ સેમિનારમાં આવનાર ચિત્ર શિક્ષકોને ચિત્રકામ કરવા જરૂરી સાધન/સામગ્રી, ભોજન, નિવાસ, નિષ્ણાતોનું માર્ગદર્શન વગેરે અકાદમી દ્વારા પૂરું પાડવામાં આવશે.

આ શિબિરનું આયોજન ચિત્ર શિક્ષકોના ચિત્રકલાના ક્ષેત્રમાં તેઓની જાણકારી વધારવા માટે આવશ્યક હોઈ આપના જિલ્લાના ચિત્રશિક્ષકોના નામ અચૂક મોકલી આપશો તો હું આપનો વિશેષ આભારી થઈશ.

મારા ઉક્ત પત્ર અન્વયે માયાળુલક્ષ આપવા આપને મારો ખાસ અનુરોધ છે.

કુશળ હશો.

આપનો સ્નેહાધીન,

(ડૉ.એ.ઓ.રાવલ)

પ્રતિ

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી

જોરાવરપેલેસ, કિચન બ્લોક

પાલનપુર,જી-બનાસકાંઠા

Scanned by CamScanner